For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# ફટાકડા ફેક્ટરીમાં આગમાં 10નાં મોત

**અમદાવાદમાં** લાઈસન્સ રદ હોવા છતાં ધમધમતી ફેક્ટરીમાં 10થી વધુ ઘાયલ

**આગનાં** કારણોની તપાસ શરૂ, ફેક્ટરી માલિક સહિત ત્રણની ધરપકડ

અમદાવાદ: અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારના રામોલ-ગતરાડ રોડ પર આવેલા મહેમુદપુરા વિસ્તારમાં આવેલી ફટાકડાની ફેક્ટરીમાં શનિવારે બપોરે થયેલા ભીષણ વિસ્ફોટ બાદ આગની ઘટનામાં 10 લોકોનાં મોત થયાં છે, જ્યારે 10થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હોવાનું પ્રાથમિક માહિતીમાં સામે આવ્યું છે.

આ અંગે પ્રાથમિક માહિતી મુજબ બપોરે 4 વાગ્યાની આસપાસ અમદાવાદના મહેમુદપુરા સ્થિત ટેલેન્ટ ફટાકડા ફેક્ટરીમાં અચાનક વિસ્ફોટ થતાં આગ ભભૂકી ઊઠી હતી. ફેક્ટરીમાં મોટી માત્રામાં ફટાકડાનો જથ્થો અને વિસ્ફોટક

...અનુસંધાન પાના ૯ પર



## કોઇ અધિકારીની સંડોવણી છે કે કેમ? સરકારની પણ ઉચ્ચસ્તરીય બેઠક

આ ઘટનામાં પોલીસે ઝડપી કાર્યવાહી કરતાં ફેક્ટરીના સંચાલક મેહુલ ડોડિયા સહિત ત્રણની ધરપકડ કરી છે. રામોલ પોલીસ અને અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચે સંયુક્ત ઓપરેશન હાથ ધરી આરોપીઓને ઝડપી લઈને સમગ્ર ઘટનાની વિવિધ પાસાઓ પરથી તપાસ શરૂ કરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ દુર્ઘટના પાછળ સુરક્ષાની બેદરકારી, ફાયર સેફ્ટીના નિયમોનું પાલન અને ફેક્ટરી કાયદેસર રીતે ચાલતી હતી કે નહીં તે સહિતના મુદ્દાઓની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે. સાથે જ ફેક્ટરીમાં કેટલા પ્રમાણમાં ફટાકડાનો જથ્થો સંગ્રહિત કરવામાં આવ્યો હતો અને તેની મંજૂરી હતી કે નહીં તે અંગે પણ માહિતી એકત્ર કરવામાં

...અનુસંધાન પાના ૯ પર

## લાઈસન્સ રદ હતું છતાં ફેક્ટરી ચાલુ હોવાની જવાબદારી કોની?

મળતી માહિતી પ્રમાણે આ દુર્ઘટનામાં સૌથી ચોંકાવનારી બાબતે એ છે કે, જે ફટાકડાની ફેક્ટરીમાં બ્લાસ્ટ થયો તેનું લાયસન્સ અગાઉથી જ રદ થઈ ચૂક્યું હતું. તેમ છતાં ફેક્ટરી ચાલુ રહી હોવાના ખુલાસાથી તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. આ ઘટનાએ અનેક પ્રશ્નો ઉભા કર્યા છે. જો લાયસન્સ રદ કરવામાં આવ્યું હતું તો સંબંધિત વિભાગોએ સ્થળ તપાસ કરી હતી કે નહીં? તપાસ થઈ હોય તો ફેક્ટરી બંધ કેમ ન કરાવવામાં આવી? અને જો કોઈ તપાસ જ ન થઈ હોય તો તેની જવાબદારી કોની છે? ફટાકડા જેવા અત્યંત જોખમી ઉદ્યોગમાં નિયમિત દેખરેખ અને સલામતીના કડક ધોરણો ફરજિયાત હોવા છતાં ગેરકાયદેસર રીતે ફેક્ટરી ચાલુ કેવી રીતે રહી તે મુદ્દે પણ સવાલો ઉઠી રહ્યા છે.

સુરતીઓના જ વેરાનાં નાણાંથી ચાલતી સ્મીમેરમાં લોકલ ક્વોટા વધારવાની 'ગુજરાતમિત્ર'ની ઝુંબેશને સફળતા

# સ્મીમેરમાં હવેથી લોકલ ક્વોટામાં 70ને બદલે 131 વિદ્યાર્થીને પ્રવેશ મળશે

**સુરતીઓના** વેરાનાં નાણાંથી ચાલતી સ્મીમેર મામલે અન્યાય દૂર થયો

**સ્મીમેરના** ડીન દ્વારા રજૂ કરાયેલી દરખાસ્તને મનપાના શાસકોની મંજૂરી

ગુજરાતમિત્ર ઈમ્પેક્ટ

સુરત: સુરત મહાનગર પાલિકા સંચાલિત સહારા દરવાજા સ્થિત સ્મીમેર હોસ્પિટલમાં એમબીબીએસ અભ્યાસ માટે સ્થાનિક વિદ્યાર્થીઓને વર્ષોથી થઈ રહેલા અન્યાયનો આખરે અંત આવ્યો છે. 250 બેઠક ધરાવતી સ્મીમેર મેડિકલ કોલેજમાં અત્યાર સુધી સ્થાનિક (લોકલ) ક્વોટા હેઠળ માત્ર 70 બેઠક ફાળવવામાં આવતી હતી. જોકે, શહેરીજનોની સતત રજૂઆતો અને વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને લોકલ ક્વોટાની બેઠકો વધારીને 131 કરવાની દરખાસ્ત સ્મીમેર હોસ્પિટલ દ્વારા સ્થાયી સમિતિ

...અનુસંધાન પાના ૯ પર

### આટલામાં આનંદ, પણ જો 175 મળી હોત તો વધારે આનંદ થાત: ડૉ. વિનોદ શાહ

સ્ટેન્ડિંગ કમિટીની મંજૂરી બાદ હવે સ્મીમેરમાં સ્થાનિક વિદ્યાર્થીઓ માટે મેડિકલ શિક્ષણના નવા દ્વાર ખૂલશે. આ નિર્ણયને સુરતના શિક્ષણજગત, વાલીઓ અને વિદ્યાર્થીઓ દ્વારા આવકારવામાં આવી રહ્યો છે. પરંતુ જો 131ની જગ્યાએ પૂરેપૂરી હકની 175 સીટ મળી હોત તો હજી આનંદ થયો હોત. સ્થાનિક વિદ્યાર્થીઓને પોતાના શહેરમાં ગુણવત્તાસભર મેડિકલ શિક્ષણની વધુ તક મળશે તેમજ ભવિષ્યમાં શહેરને વધુ સંખ્યામાં કુશળ તબીબો પણ ઉપલબ્ધ થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### રાજ્ય સરકારમાં પણ સુરતના વિદ્યાર્થીઓને ન્યાય અપાવીશ

શહેરના વાલીઓ અને તબીબો થકી આ વાત મારા ધ્યાને આવી હતી. જે અંગે સ્થાનિક સ્તરે ચર્ચા થયા બાદ આજે સુરત મહાનગર પાલિકાએ સ્ટેન્ડિંગમાં આ સીટ વધારાને મંજૂરી આપી છે. રાજ્ય સરકારમાં પણ શહેરવાસીઓનું હિત જળવાઈ રહે તે માટે હું સંપૂર્ણ પ્રયત્ન કરીશ. અને આપણા શહેરના બાળકોના ભવિષ્ય માટે ન્યાય અપાવીશ.

**-પ્રફુલભાઈ પાનશેરીયા, આરોગ્ય મંત્રી**

### કુલ સીટની 70 ટકા મળી હોત તો આનંદ થયો હોત: ડૉ. યોગેશ દેસાઈ

છેલ્લા અઢી દાયકામાં સુરત શહેરની વસ્તી નોંધપાત્ર રીતે વધી છે. વધતી વસ્તીની સામે શહેરમાં તબીબોની સંખ્યા હજુ પણ ઓછી હોવાનું માનવામાં આવે છે. સ્થાનિક વિદ્યાર્થીઓને વધુ મેડિકલ બેઠકો મળશે તો ભવિષ્યમાં સુરતને વધુ ડોક્ટરો મળશે, જે શહેરની આરોગ્ય સેવાઓને વધુ મજબૂત બનાવશે. શાસકોના આ નિર્ણય માટે અભિનંદન છે. પરંતુ હજી પણ કુલ સીટની 70 ટકાના હકદાર છીએ અને તે મળી હોત તો સંપૂર્ણ ન્યાય શહેરના લોકોને મળ્યો હોત.

**-ડો.યોગેશ દેસાઈ, મેનેજિંગ ડિરેક્ટર એન્ડ કન્સલ્ટિંગ ફિઝિશિયન, ઉધના હોસ્પિટલ**

**દુ:ખદ અવસાન - બેસણું**



દિલગીરી સહ જણાવવાનું કે અમારા સ્વજન પરિતોષકુમાર રતિલાલ ચૌહાણ (નિવૃત એડીશનલ કમિશનર ઓફ ઈન્કમટેક્ષ)નું તા. ૧૬-૦૭-૨૦૨૬ ને ગુરૂવારનાં રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૨૦-૦૭-૨૦૨૬ ને સોમવારના રોજ સાંજે ૫ થી ૭ કલાક દરમ્યાન ''કાપડિયા વાડી'', અલથાણ-ભટાર રોડ, સુરત મુકામે રાખેલ છે.

લિ.
રેણુકાબેન વિજયકુમાર પરમાર
ધ્વનિ શૈશવ ચૌહાણ
શૈશવ રમેશભાઈ ચૌહાણ
ચિત્રાંગ વિજયકુમાર પરમાર
દિપ્તી ચિત્રાંગ પરમાર
(સ્વરા - નિત્યા - ધ્યેય)

સ્વ. પરિતોષ રતિલાલ ચૌહાણ
સ્વ. તા. ૧૬-૦૭-૨૦૨૬

Scan QR Code for Location Address

**તૃતિય પુણ્યતિથિએ સ્નેહભરી શ્રદ્ધાંજલિ**




સ્વ. ડિમ્પલ નિલેષ મશરૂવાલા
સ્વ. તા. ૧૯/૦૭/૨૦૨૩

હે પુણ્યાત્મા શ્રદ્ધા-સ્નેહનાં પુષ્પથી અમારા વંદન, સ્નેહાળરૂપે છત્રછાયા બની સદૈવ વાત્સલ્ય અમી વર્ષા વરસાવતા આપના યશસ્વી જીવનની સ્નેહસ્મૃતિઓ, સુસ્મરણો અમારી મહામૂલી મૂડી છે. પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રભુ ચરણોમાં પ્રાર્થના.

:: લિ. શોકાતુર ::
નિલેષ રામચંદ્ર મશરૂવાલા
રામચંદ્ર કાશીરામ મશરૂવાલા
સ્વ. અ. સૌ. હેમલતા રામચંદ્ર મશરૂવાલા
ધનિષી નિલેષ મશરૂવાલા
આદિત્ય નિલેષ મશરૂવાલા

**॥ भावभीनी श्रद्धांजलि ॥**



श्री राजकुमार कुंदनानी जी
निधन दि. 17.07.2026

स्वर्गवास पर हम गहरे दुःख की अनुभूति व्यक्त करते हैं। आप सहज, सरल एवं मिलनसार व्यक्तित्व के धनी थे। आपका संसार से विदाई लेना केवल परिवार के लिए ही नहीं, बल्कि हम सब के लिए भी अत्यंत दुःखद घटना है। हम सजल नयनों से सादर श्रद्धासुमन अर्पित कर, प्रभु से प्रार्थना करते है कि सद्गत को चिर शांति प्रदान करें एवं परिजनों को दुःख सहन करने की शक्ति दें।

शोकाकुल

ज्योति (पत्नी), मिर्चुमल-धनवंती, रमेश-सुनीता, रामकुमार-गीता (भाई-भाभी), स्व पारी - स्व कन्हैयालालजी गुरबानी, बेबी-नानकराम जी वधवानी, मीना-स्व वसुम्मलजी केवलानी, राजकुमारी - किशोरजी वलेचा (बहन-बहनोई), नरेश-दीवा (पुत्र-पुत्रवधू), नीतू (सुमन)-तरूण निहलानी, जया नरेन टेवानी (पुत्री- जवाई), अशोक-लता, किशोर-कोमल, जीतू-दीप्ति, हरीश-नेहा, कमल, प्रशांत (भतीजा भतीजावधू) लोकेश, करन, रवि, श्रेय, खुश (पौत्र), कुनाल, युवांश दोहिते, दिया, निशा - दोहिती
ससुराल पक्ष - राजकुमार जी, श्यामसुंदरजी, ललित, मनोज, नरेश, जीतू, अमित।

प्रतिष्ठान

ठाकुरदास खेमचंद, कटला बाजार, जोधपुर - 97845 92720
विश्वनाथ सिल्क मिल्स, अशोक कुमार ठाकुरदास, भाव्या फैशन,
t- sol industries ltd, उडेरो, beyond tempetation- सूरत

**બેસણું**



દિલગીરી સાથ જણાવવાનું કે અમારા પિતાશ્રી
અમૃતભાઈ છીમકાભાઈ પટેલ (છબુભાઈ)નું
તા. ૧૬/૦૭/૨૦૨૬ ગુરૂવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.

પરમાત્મા સદ્‌ગતના પુણ્યશાળી આત્માને ચિર શાંતિ આપે તેવી હૃદયથી પ્રાર્થના.

સ્વ. અમૃતભાઈ છીમકાભાઈ પટેલ (છબુભાઈ)
જન્મ તા. ૧૦/૦૮/૧૯૫૯
સ્વ. તા. ૧૬/૦૭/૨૦૨૬
અષાઢ સુદ બીજ ગુરૂવાર

સદ્‌ગતનું બેસણું
તા. ૨૦/૦૭/૨૦૨૬ સોમવારે સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ કલાક દરમ્યાન ''વેસુ'' સ્થિત નિવાસસ્થાને રાખેલ છે.

લિ.
ગં. સ્વ. ઈન્દુબેન અમૃતભાઈ પટેલ
વિશાલ અમૃતભાઈ પટેલ (પુત્ર) યોગિની વિશાલભાઈ પટેલ (પુત્રવધૂ)
ઉમંગ અમૃતભાઈ પટેલ (પુત્ર) હેતલ ઉમંગભાઈ પટેલ (પુત્રવધૂ)
વિનયભાઈ જયંતી પટેલ (જમાઈ) ફાલ્ગુની વિનયભાઈ પટેલ (પુત્રી)
દેવ, હેત, સિધ્ધિ, આરાધ્યા, અયાન, ટીશા

સ્થળ : ૪૧-૪૨, ગોયા સ્ટ્રીટ, પ્રાઈમરી સ્કૂલની સામે, વેસુ, સુરત.

## સુરત શહેર માટે લાલબત્તી સમાન ગંભીર કિસ્સો ઉજાગર કરતી જાહેર ચેતવણી

**મોજે ખજોદ ગામની કિંમતી જમીનો પચાવી પાડવા ગંભીર ગુનાહિત કૌભાંડ સંદર્ભે ષડયંત્ર રચનારા ગાંધીનગર ખાતે કાયમી વસવાટ કરનારા ભરતગીરી બબુગીરી ઉર્ફે બાબુગીરી ગોસ્વામી નામના ઇસમ દ્વારા ન્યાયપ્રણાલી તથા કાયદાની સીસ્ટમને પણ સરેઆમ પડકાર ફેંકી ગુંડારાજ ઊભુ કરવાના સપના સેવનારા તમામ ઈસમો વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરવામાં આવેલ છે.**

**નામદાર ગુજરાત સરકારશ્રીએ વખતો વખત જાહેર કરેલા પરિપત્રો અને માર્ગદર્શિકાથી ઉપરવટ જઇ આ કૌભાંડમાં પ્રત્યક્ષ રીતે ગુનામાં મદદગારી આચરનાર તનમય નટવરલાલ પટેલ (સબ-રજીસ્ટ્રાર સુરત-૫ અલથાણ) ની પણ ગંભીર પ્રકારની ભુમિકા પ્રથમદર્શનીય રીતે સ્પષ્ટપણે જણાય આવેલ છે. જેથી આ સબબે અમારા અસીલો ગુજરાત સરકારશ્રીમાં પણ ઉચ્ચસ્તરે રજુઆત કરનાર છે.**

- **સુરત ડીસ્ટ્રીક્ટ, રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીક્ટ મજુરા તાલુકાના મોજે ગામ ખજોદની સીમમાં આવેલ જુની શરતની ખેડખાતાની જમીનો કે જેનું વિગતવાર વર્ણન નીચે જણાવ્યા મુજબ કરેલ છે, તે જમીનોના મુળ માલિક હમારા અસીલોના અગ્રહક્કધારી રવજીભાઇ નાનાભાઇ તથા સુખાભાઇ નાનાભાઇ ચાલી આવેલા.**

| ક્રમ | સર્વે નંબર | બ્લોક નંબર | ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. | આકાર રૂા. |
|---|---|---|---|---|
| ૧ | ૮૪/૧ | ૧૩૦ | ૧-૮૬-૬૧ | ૨૬-૭૫ |
| ૨ | ૯૦ | ૧૩૪ | ૧-૧૦-૨૮ | ૮-૨૫ |
| ૩ | ૯૩/૨ | ૧૩૭ | ૦-૮૬-૦૦ | ૯-૦૦ |
| ૪ | ૯૯ | ૧૪૫ | ૦-૦૭-૦૮ | ૧-૧૯ |

- ઉપરોક્ત જમીનોના કાયદેસરના માલિક મુખત્યાર અને પ્રત્યક્ષ કબજેદાર અમારા અસીલોના અગ્રહક્કધારીઓ ચાલી આવેલ. ત્યારબાદ, સીધીલીટીના વારસોમાં અમારા અસીલોના નામો ૭/૧૨ ના રેવેન્યુ રેકર્ડમાં આજદિન સુધી ચાલી આવેલ છે.
- મગદલ્લા ખાતે રહેતા ઠાકોરભાઇ છગનભાઇ પટેલ સહિતના ઇસમોએ જમીનો સંદર્ભે સને-૨૦૧૧ માં **રે.દિ.મુ. નં.૨૫૦/૨૦૧૧** થી જાહેરાત, જાથુકનો મનાઇ હુકમ તથા વહેંચણ અંગેનો સીવીલદાવો દાખલ કરેલ.
- સદર દાવાના કામે મુળ જમીન માલિકો પોતાના ખરા સાચા કાયદેસરના આધારભૂત દસ્તાવેજી પુરાવાઓ સહિત લેખિત જવાબ રજૂ કરતા કાનજીભાઈ રણછોડભાઈના કહેવાતા વારસદારોએ સદર દાવાના કામે સુચક મૌન સેવેલ અને તેથી જ રે.દિ.મુ. નં. ૨૫૦/૨૦૧૧ ના કામે વચગાળાની મનાઈ અરજીની સુનવણી કરી શકેલ નહી. જે બાદ નામદાર સીવીલ કોર્ટે તેવી મનાઈ અરજીનો નિર્ણય દાવાના આખરી નિકાલ સમયે કરવાનો હુકમ ફરમાવેલ.
- ''**બાપ નંબરી બેટા દસ નંબરી**'' ઉક્તિને સાર્થક કરતા પિતા-પુત્રની જોડી યાને **સંકેત ઇશ્વરભાઇ પટેલ** અને **ઇશ્વરભાઇ છગનભાઇ પટેલે** અન્ય કહેવાતા સહમાલિકોની મદદગારીમાં અન્ય જાણભેદુ ઇસમોના સથવારે ભુમાફિયા **ભરતગીરી બબુગીરી ઉર્ફે બાબુગીરી ગોસ્વામી**ના લાભમાં કુટલેખનવાળો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ ઊભો કરવામાં આવેલ છે. ONGC માં ફરજ બજાવતો અને મગદલ્લા ખાતે રહેતો મુખ્ય કર્તાહર્તા **સંકેત ઈશ્વરભાઈ પટેલ**ના સથવારે આ સમગ્ર ગંભીર કૌભાંડ આચરવામાં આવ્યુ હોવાનું અમારા અસીલોને પ્રાથમિક જાણકારી મળેલ છે.
- હાલમાં **તા. ૨૪/૦૬/૨૦૨૬** ના રોજ અગ્રસચિવ મહેસુલ વિભાગ (વિવાદ) સમક્ષ ફેરતપાસ અરજી નં. ૩૧/૨૦૨૪ ના કામે મહે. અગ્રસચિવશ્રીએ સુરતના કલેકટરશ્રીનો **તા. ૨૦/૧૨/૨૦૨૩** ના રોજનો હુકમ રદ કરી દેતા આ ઇસમો **ઠાકોરભાઇ છગનભાઇ તથા ઇશ્વરભાઇ છગનભાઇ વિગેરેના નામો ૭/૧૨ ના રેવેન્યુ રેકર્ડમાંથી ટુંક સમયમાં જ કમી થઇ જાય તેમ જણાય આવતા, સંકેત ઇશ્વરભાઇ પટેલે લેન્ડ માફીયા ભરતગીરી બબુગીરી ઉર્ફે બાબુગીરી ગોસ્વામી** સાથે મળી ભયંકર ગુનાહિત ષડયંત્ર આચરી **તા. ૦૮/૦૭/૨૦૨૬** ના રોજ મુળથી જ નિરર્થક અને રદબાતલ અને નલીટી સ્વરૂપનો રાઇટ ટાઇટલ ઇન્ટરેસ્ટ અને કબજા વિનાનો તદ્દન બોગસ તથા કાયદાથી સ્પષ્ટપણે બાધિત રજીસ્ટર વેચાણ **દસ્તાવેજ નં. ૯૧૮૩/૨૦૨૬** થી ઉપજાવી કાઢતા, આ તમામ જવાબદાર ઇસમો વિરૂદ્ધ પોલીસ ફરીયાદ આપી દેવામાં આવેલ છે.
- આ તમામ ઇસમોએ એકબીજાના મેળાપીપણામાં તા. ૦૮/૦૭/૨૦૨૬ ના રોજ કુટલેખનવાળો ઊભો કરેલ વેચાણ દસ્તાવેજમાં જે હકીકતો લખેલ છે, તે હકીકતો ગુનાની સ્પષ્ટપણે કબુલાત છે. આ ઇસમોએ પોતે જ રજીસ્ટર વેચાણ દસ્તાવેજમાં તેવી કબુલાત કરેલ છે કે, તેઓ નામદાર સીવીલકોર્ટમાં પણ હારી ગયેલ છે, તેમજ રેવેન્યુ પ્રોસીડીંગ્સમાં પણ તેઓના વિરૂદ્ધ આખરી હુકમ થયેલ છે.

**કાયદાની પ્રોસીજરને ન અનુસરવા અને ગુંડારાજને સાકાર કરવાનો મનસુબો ધરાવતા લેન્ડ ગ્રેબર ભરતગીરી બાબુગીરી ગોસ્વામીના કરતુતો ખૂબ ગંભીર બાબત છે. ગાંધીનગર સ્થિત રહેતો આ ઇસમ આ પ્રકારે વિવાદવાળી જમીનોની મેટરોમાં સોપારી લઇ કરોડો રૂપિયાની જમીનોમાં લીટીગેશનો નાંખી બ્લેકમેઇલીંગ કરી ખંડણી સ્વરૂપે કરોડો રૂપિયાનો આર્થિક ગેરલાભ મેળવવા માટે જે ષડયંત્ર રચેલ છે, તે સાંપ્રત સમાજ અને ન્યાયિક પ્રણાલી માટે પણ ખૂબ હાનીકારક કિસ્સો છે.**

- **રે.દિ.મુ. નં.૨૫૦/૨૦૧૧ ના કામે નામદાર સીવીલકોર્ટે ઉપરોક્ત ઇસમો ઠાકોરભાઇ છગનભાઇ પટેલ સહિતના વાદીઓનો દાવો રદ કરેલ, જે કામે નામદાર કોર્ટે તેમના આખરી હુકમમાં સ્પષ્ટ તારણ આપેલ છે કે, ''જે કાનજીભાઇ રણછોડભાઇનું નામ જે તે સમયે દર્શાવેલ તે કાનજીભાઇ રણછોડભાઇ સદર દાવાના વાદીઓના મર્હુમ વડીલ કરતા તદ્દન અલગ વ્યક્તિ છે''.**
- **પ્રથમથી જ ખોટુ કરવાનો મનસુબો ધરાવતા મગદલ્લા ખાતે રહેતા આવેલા કાનજીભાઇ રણછોડભાઇ પટેલના કહેવાતા વારસદારોએ ખોટો હક્કદાવો કરી બનાવટી પુરાવાઓનો આધાર લઇ ઠાકોરભાઇ છગનભાઇ પટેલ તથા ઇશ્વરભાઇ છગનભાઇ પટેલ વિગેરેનાઓએ પોતાના નામો રેવેન્યુ રેકર્ડ ઉપર ખોટી રીતે દાખલ કરાવેલા.**
- રેવેન્યુ તકરારોની સાથે સાથે આ ઇસમોએ નામદાર સીવીલકોર્ટમાં પણ સીવીલદાવો દાખલ કરાવેલ હતો. આ પ્રકરણો સંદર્ભે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં અમારા અસીલો તરફે દાખલ કરવામાં આવેલ **સ્પે.સી.એ. નં. ૧૬૨૯૨/૨૦૧૬** ના કામે તા. ૨૯/૧૦/૨૦૧૮ થી સદરહુ જમીનો અંગે યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો હુકમ ફરમાવી સીવીલકોર્ટમાં દાખલ થયેલ **રે.દિ.મુ. નં.૨૫૦/૨૦૧૧** ના કામે જે આખરી નિર્ણય આવે તે મુજબ રેવેન્યુ દફતરે અમલ કરવાનો રહેશે તેવો સ્પષ્ટ હુકમ નામદાર ગુજરાત હાઇકોર્ટે ફરમાવેલ હતો.
- સદરહુ ઉપરોક્ત જમીનો સાથે કાનજી રણછોડ નામના ઇસમને દુરદુર સુધી કોઇપણ પ્રકારની કોઇ જ લેવાદેવા ક્યારેય પણ હતી જ નહીં. નામદાર સીવીલકોર્ટમાં આ હકીકત સ્પષ્ટપણે પુરવાર થઇ ચુકેલ છે. નામદાર સીવીલકોર્ટના હુકમ વિરૂદ્ધ કરવામાં આવેલ અપીલના કામે નામદાર સેશન્સ કોર્ટ તરફથી રેગ્યુ. સીવીલ અપીલ નં. ૪૫/૨૦૨૨ ના કામે પણ કોઇપણ પ્રકારની કોઇ જ રાહત બની બેસેલા કાનજી રણછોડના વારસદારો ઠાકોરભાઇ છગનભાઇ વિગેરેનાઓને આજદિન સુધી પ્રાપ્ત થયેલ નથી.
- **નામદાર સીવીલકોર્ટમાં તે હકીકત સ્પષ્ટપણે પુરવાર થઇ ગયેલ છે કે, ઠાકોર છગન તથા ઇશ્વર છગન સહિતના ઇસમોનો કાનજી રણછોડના વારસદારો તરીકે કોઇ જ હક્ક હિત હિસ્સો કે અધિકાર નથી અને તે સંદર્ભે પોતે નામદાર સીવીલકોર્ટમાં હારી ગયેલ છે, તેવું કહેવાતા કુટલેખનવાળા રજીસ્ટર દસ્તાવેજમાં ઉલ્લેખ કરી આ તમામ ઇસમોએ લેખિતમાં સ્પષ્ટપણે ગુનાની કબુલાત કરી ચુકેલ છે.**
- **તેમ છતાં જેઓ માલિક નથી, તેવા ઇસમો પાસેથી સ્વયંભુ, મનસ્વી અને મનઘડત રીતે વણવહેંચાયેલો હિસ્સો નક્કી કરી, ભરતગીરી બબુગીરી ઉર્ફે બાબુગીરી ગોસ્વામીએ મલિન બદ્‌ઇરાદાથી કુટલેખનવાળો જે રજીસ્ટર વેચાણ દસ્તાવેજ પોતાના લાભમાં ઊભો કરેલ છે, તે પ્રથમથી જ ફોર્જડ, બનાવટી અને બોગસ હોવાનું સ્પષ્ટપણે જણાય આવે છે.**
- આવા ગંભીર બનાવો બનતા અટકે અને લેન્ડ માફીયાઓની આવી ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ ઉપર અંકુશ આવે અને કાયદાની સીસ્ટમને ચેલેન્જ કરનારા આવા લેન્ડ ગ્રેબરો વિરૂદ્ધ સખ્ત કાર્યવાહી કરવા માટે તેમજ સમાજમાં દાખલો બેસે તેવા શુભ હેતુથી અમારા અસીલો મારફત સરકારશ્રી સમક્ષ ઉચ્ચસ્તરીય રજુઆત થનાર છે.
- અમારા અસીલો મારફત આપવામાં આવેલી પોલીસ ફરીયાદ સંદર્ભે હવે પછી થનારી કાનૂની કાર્યવાહીની રજેરજની વિગતો જાહેર હિતમાં ફરીથી અવશ્ય પ્રસિદ્ધ કરવામાં આવશે. જેથી ઉપરોક્ત જમીનો સંદર્ભે ભરતગીરી ગોસ્વામી કે અન્યો સાથે કોઇપણ ઇસમોએ કોઇપણ પ્રકારની સંડોવણીમાં સામેલ થવું નહીં, અન્યથા તેવા ઇસમો વિરૂદ્ધ પણ ગુનાહિત જવાબદારી અવશ્ય ઉપસ્થિત થશે.
- નિર્દોષ ખેડુત ભાઇ-બહેનોની કિંમતી મિલકતો પચાવી પાડનારા આવા લેન્ડ ગ્રેબરોથી સચેત રહેવા જાહેર હિતમાં આ જાહેર ચેતવણી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

**ચિરાગ એ. ગજીવાલા – એડવોકેટ**
ઓફીસ : ૨૦૧, શિવમ, પાલીયા સ્ટ્રીટ, નાનપુરા, સુરત (મો.) ૯૮૭૯૫ ૦૦૦૨૯

**મનન એ. શાહ – એડવોકેટ**
ઓફિસ : ૩૦૫, સેન્ટોરિની સ્કવેર, સેટેલાઈટ, અમદાવાદ (મો.) ૯૮૨૫૯ ૪૫૮૧૧

(તે રેગ્યુ. સીવીલ અપીલ નં. ૪૫/૨૦૨૨ ના કામે સામાવાળા શાંતીબેન ભાણાભાઈ સુખાભાઈ પટેલ વિગેરેના વકીલશ્રીઓ) તા. ૧૮.૦૭.૨૦૨૬